# પાલનપુર નજીક ચંગવાડા ગામમાં સાવકી માતાએ મૂંગા માસુમ બાળકને આખા શરીરે ડામ દેતા અરેરાટી

**છેલ્લા ૩ માસ થી સાવકી માતા દ્વારા ત્રાસ ગુજારાતો હતો : બાળકના નાનાએ ૩ સામે નોંધાવી ફરિયાદ**







પાલનપુર, તા.૧૧

વડગામના ચંગવાડા ગામમાં સાવકી માતાએ ચાર વર્ષના મુંગા દીકરાને દીવાસળીથી ડામ દેવાની ચકચારી ઘટના પ્રકાશમાં આવી છે હાલમાં માસુમ બાળક પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર લઇ રહ્યો છે. સમાજ જીવનને શર્મનાક કરે તેવી ઘટના આજે પ્રકાશમાં આવી છે. એક એવી ઘટના કે તેને જોતા ભલભલાના રૂંવાટા ઉભા થઇ જાય છે. એક ચાર વર્ષના માસુમ બાળક પર સાવકી માતાએ દીવાસળીની સળગતી સળીથી વારંવાર તેના શરીરના ભાગમાં ડામ નો દર્દ આપી છેલ્લા ત્રણ માસથી માસુમ પર અમાનવીય અત્યાચાર ગુજાર્યો હતો. આ માસુમને જન્મ આપનારી સગી માતાએ અન્ય સાથે લગ્ન કરી દેતા જન્મથી માતૃપ્રેમ માટે વલખા મારતો માસુમ માવીયા તેના નાનાની પાસે રહેતો હતો પણ થોડાક માસ પૂર્વે તેના સગા પિતા તેની સાવકી માતા પાસે લઇ ગયા હતા. જો કે સાવકી માતાને સાવકો દીકરો પસંદ ના હોવાથી તેણે આ માસુમના કોમળ શરીર પર એવા સળગતા ડામ દીધા કે જેનું દર્દ મારિયા નામના બાળકે ત્રણ માસ સુધી રડતી આંખે સહન કરવો પડ્યું હતું.

જયારે તેના સગા નાના તેને મળવા ગયા ત્યારે મોઢેથી બોલી ન શકનારા આ માસુમએ તેનું દર્દ તેના નાનાને ઈસારથી સમજવા પ્રયત્ન કર્યો ત્યારે માલુમ પડ્યું કે સાવકી માતાએ આની શું હાલત કરી છે. સળગતા ડામથી ગંભીર રીતે દાઝેલ ચાર વર્ષનો આ માસુમ બાળક પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યો છે. આ ઘટનાની જાણ તેના નાના હારૂન સેલિયાએ છાપી પોલીસ મથકમાં આપતા ત્રણ સામે કાયેદસરની કાર્યવાહી કરવાની તજવીજ હાથ ધરી છે.

# શીણાવાડા ગામે દૂધ ઉત્પાદકો અને ગ્રામજનો દ્વારા બેંકને તાળાબંધીનો પ્રયાસ

**સંબંધિત અધિકારીઓ દ્વારા ગુરૂવારે તમામ દૂધ ઉત્પાદકોને દૂધના નાણાં ચૂકવી આપવા ખાતરી મળતા એક કલાક પછી ટોળુ વિખેરાઈ ગયુ**

મોડાસા, તા. ૧૧

મોડાસા તાલુકાના શીણાવાડ ગામે દૂધ ઉત્પાદકોને છેલ્લા ૪૦ દિવસથી દૂધના નાણાં બેંક દ્વારા નહિ ચૂકવાતા સ્થાનિક બેંકને તાળાબંધી કરવાનો પ્રયાસ કરવા સાથે ગ્રામજનોએ ભારે હોબાળો મચાવી શીણાવાડના ગ્રામજનો અને દૂધ ઉત્પાદકોએ બેંક આગળ એકત્ર થઈને ભારે હોબાળો મચાવ્યો હતો અને બેંકનું શટર પાડી દઈ તાળાબંધીનો પ્રયાસ કર્યો હતો. જેના પગલે લાગતા વળગતા અધિકારીઓ દ્વારા તત્કાલ પગલા લઈનો દૂધ ઉત્પાદકોને નહિ મળતા આજે મહિલાઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. જેથી જિલ્લા કલેક્ટર સમક્ષ પણ રજૂઆત કરાયા બાદ પણ સ્થાનિક બેંક દ્વારા જરૂરી સત્વરે પગલા નહિ લેવાતા અને સમગ્ર પ્રક્રિયા વિલંબમાં નાખવામાં



દીધો હતો.

નોટબંધીને બે મહિનાથી વધુ સમય વિતવા છતાં હજુ પણ ગ્રામ્ય વિસ્તારોમાં લોકોને પુરતા નાણા મળતા નથી ત્યારે આજે મોડાસાના શીણાવાડ ગામે અગાઉથી કરેલ એલાન મુજબ સ્થાનિક બેંકમાંથી દૂધ ઉત્પાદકોને ૪૦ દિવસથી નાણા ચૂકવવા ગલ્લાતલ્લા થતાં આવતીકાલે ગુરૂવારે કોઈપણ હિસાબે દૂધ ઉત્પાદકોના નિકળતા રૂ. ૭.૪૪ લાખ ચુકવી આપવા માટે ખાતરી મળતા ગ્રામજનો વિખેરાઈ ગયા હતા.

શીણાવાડ દૂધ ઉત્પાદક મંડળીના ચેરમેન જેઠાભાઈ પટેલે આક્રોશ વ્યક્ત કરતાં જણાવ્યું હતુ કે ૪૦ દિવસથી પોતાના દૂધ નાણા આવતા અમારે ન છૂટકે આજે ગામના મંડળીના દૂધ ઉત્પાદકો અને ગ્રામજનો દ્વારા સ્થાનિક બેંકને તાળાબંધી કરવાના કાર્યક્રમ આપવાની ફરજ પડી હતી. દરમિયાન મહિલા દૂધ ઉત્પાદક ગીતાબેન પણ સ્થાનિક બેંકના વલણ સામે આકરી આલોચના કરી હતી અને પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો.

# અરવલ્લીમાં નોટબંધીના વમળ વચ્ચે પતંગ-દોરીની ખરીદીમાં મંદી

મોડાસા, તા. ૧૧

અવકાશી યુદ્ધના પર્વે ઉત્તરાયણના આડે ગણતરીના દિવસો જ બાકી હોવા છતાં મોડાસા શહેર સહિત અરવલ્લી જિલ્લામાં નોટબંધીના વમળોમાં તહેવાર લપેટાયો હોય તેમ મંદીનો માહોલ જ વધુ હોવાથી પતંગ-દોરીની ખરીદીમાં પણ ઓટ જોવાતા પતંગ દોરીના વિક્રેતાઓ અને સ્ટોલ ધારકોમાં ચિંતાની લકીરો તણાઈ છે. સ્ટોલ ધારકોએ મોડાસા અને સમગ્ર જિલ્લામાં ધીમે-ધીમે ઉત્સવનો માહોલ જામવાની આશા વ્યક્ત કરી હતી.

ઉત્તરાયણ પર્વને આડે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે મોડાસા શહેર અને અરવલ્લી જિલ્લાના બજારોમાં દોરી-પતંગના સ્ટોલ ધારકોમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યા છે. ચાલુ વર્ષે દોરી પતંગના ભાવમાં કોઈ પણ જાતનો વધારો ન હોવા છતા નોટબંધીના પગલે ખરીદીમાં મંદીનો માહોલ જોવા મળી રહ્યો છે. મકરસક્રાંતિ પર્વને આડે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે મોડાસા શહેરની મુખ્ય બજારોમાં અને મોહોલ્લા પોળોના નાકે દોરી પતંગના સ્ટોલો વેપારીઓ દ્વારા ઉભા કરવામાં આવ્યા છે. જેમાં રંગબેરંગી અને ફેન્સી અવનવા પતંગો તેમજ વિવિધ પ્રકારની દોરીઓ ખડકાયેલી જોવા મળી રહી છે. ચાલુ વર્ષે સફેદ ચીલ પતંગના ૫૦ રૂ. કોડીના, રંગીન પતંગના કોડીના રૂ. ૬૦, ખંભાતી પતંગના ૬૦થી ૭૦ રૂ. તથા મોટી સાઈઝના અને ફેન્સી પતંગો ૮૦ થી રૂ. ૨૧૦ના ભાવે વેચાણમાં મુકાયા છે. તો બીજી તરફ હજાર વારથી માંડીને પાંચ હજાર વાર સુધી અલગ અલગ કંપનીની દોરીઓ રૂ. ૧૫૦ થી ૭૫૦ સુધી બજારમાં વેચાવા આવી છે. ચાલુ વર્ષે પતંગ દોરીના ભાવમાં કોઈ પણ જાતનો વધારો ન થયો હોવા છતાં નોટબંધીના કારણે પતંગ દોરીની ખરીદીમાં મંદીનો માહોલ જોવા મળી રહ્યો છે. જથ્થાબંધ વિક્રેતાઓ અને સ્ટોલ ધારકો અને દોરી પતંગના દુકાનદારોના મતે જોઈએ તેટલી ઘરાકી પતંગ દોરીમાં નથી.

# પ્રાંતિજમાં યોર્સ માર્ટ મોલનો શુભારંભ

**ફિલ્મ હિરોઈન અમીશા પટેલના હસ્તે યોર્સ માર્ટનો શુભારંભ : હિરોઈનને જોવા પ્રાંતિજ સહિત તાલુકામાંથી લોકોના ટોળે ટોળા ઉમટી પડ્યા**

પ્રાંતિજ, તા. ૧૧

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે યોર્સ માર્ટના શુભારંભ પ્રસંગે હિન્દી ફિલ્મની હિરોઈન અમીષા પટેલ આવતાં પ્રાંતિજમાં ફિલ્મરસિકો તથા અમીષા પટેલના ચાહકોની ભીડ જામી હતી. પણ અમીષા પટેલ દર્શકો સામે પણ ના જોતા દર્શકોમાં નિરાશા જોવા મલી હતી.




પાંતિજ એપ્રોચ રોડ ઉપર આવેલ યોર્સમાર્ટના શુભારંભ પ્રસંગે સેલીબ્રીટી તરીકે આવેલ હિન્દી ફિલ્મમાં અભિનય કરતી અમીષા પટેલ ઉપસ્થિત રહી હતી જયારે અમિષા પટેલ રીબીન કાપીને માત્ર પાંચ મિનિટમાં જ ગાડીમાં બેસી જતા અને દર્શકો માટે એક મીનિટનો પણ સમય ના આપતાં એક કલાકથી રાહ જોતા દર્શકોએ હુળીયો બોલાવ્યાં હતો. અને ગાડીની આજુબાજુ ઉભા થઇ જતા ટ્રાફિકની સમસ્યાઓ ઉભી થઈ હતી અને બોઉસરો અને દર્શકો વચ્ચે શબ્દનું યુદ્ધ ચાલુ થઈ ગયું હતું. જયારે રીબીન કાપીને તરત જ બહાર જવાનું કહેતાં સંચાલકો સાથે પણ બોલાચાલી થઈ હતી અને લાખ્ખોની રકમ તથા ફાઈવસ્ટાર સગવડ પાછળ ખર્ચેલ રૂપિયા ઉપર પાણી ફરી વળ્યુ હતું.

# નડાબેટમાં સીમા અશ્વ મહોત્સવ નિહાળવા મુલાકાતીઓની ભારે ભીડ

પાલનપુર, તા. ૧૧

બનાસકાંઠા જિલ્લાના સરહદી અને રણની સમીપ આવેલા સુઈગામ તાલુકાના નડાબેટ મુકામે ૪થો રાષ્ટ્રીય કક્ષાનો સીમા અશ્વ મહોત્સવ યોજાઈ રહ્યો છે. અશ્વ મહોત્સવ આજે તા. ૧૨ જાન્યુઆરી સુધી યોજાશે. આ ગઈકાલ તા. ૧૧ જાન્યુઆરીના રોજ લાંબી અશ્વદોડ, રેવાલ ચાલ, પાટી દોડ, બેરલ રેસ, મટકી ફોડ, ગરો લેવો વગેરે સ્પર્ધાઓ યોજાઈ હતી તથા સાંજે લોક ડાયરો યોજાયો હતો. જેને લોકોએ મનભરીને માણ્યો હતો. અશ્વ મહોત્સવનું આયોજન ગુજરાત સરકાર, સીમા જન કલ્યાણ સમિતિ સમિતિના સંગઠન મંત્રી કલ્પેશસિંહ વાઘેલા, ગુજરાત-રાજસ્થાન પ્રાંત સીમા જન કલ્યાણ સમિતિના સંગઠન મંત્રી કલ્પેશસિંહ વાઘેલા, ગુજરાત-રાજસ્થાન પ્રાંત સીમા જન કલ્યાણ સમિતિના સંગઠન મંત્રી નેમસિંહજી, માતા નડેશ્વરી મંદિર ટ્રસ્ટના પ્રમુખ હરજીભાઈ રાજપુત, ટી.વી.





સ્પર્ધામાં બનાસકાંઠા, પાટણ અને કચ્છ જિલ્લા સહીત વિવિધ સ્થળોએથી સંખ્યાબંધ પાણીદાર અશ્વો ભાગ લઈ રહ્યા છે. આ પ્રસંગે શક્તિશાળી અશ્વો દ્વારા વિવિધ કૌશલ્યો રજુ કરવામાં આવી રહ્યા છે.

અશ્વ મહોત્સવને નિહાળવા વિશાળ સંખ્યામાં લોકો ઉપસ્થિત રહીને શક્તિશાળી અશ્વોના અદ્દ્ભૂત કૌશલ્યો જોઈને આનંદ અનુભવે છે. અને સીમા સુરક્ષા બળ દ્વારા કરવામાં આવ્યું છે. રાષ્ટ્રીય કક્ષાના સીમા અશ્વ મહોત્સવ પ્રસંગે સુદૃઢ આયોજન કરીને વ્યાપક વ્યવસ્થા કરવામાં આવી છે.

આ પ્રસંગે બીએસએફ દ્વારા શસ્ત્ર પ્રદર્શન, વન વિભાગ દ્વારા વન્ય જીવ પ્રદર્શન અને આરોગ્ય કેમ્પ યોજવામાં આવ્યા હતા. આ પ્રસંગે ગુજરાત પ્રાન્ત સીમા જનકલ્યાણ સીરીયલ કલાકાર જનકભાઈ ઠક્કર, પ્રાંત અધિકારી આર.આઈ. શેખ, જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. અરૂણ આચાર્ય, અગ્રણી સરતાનભાઈ દેસાઈ સહિત સીમા અશ્વ મહોત્સવ સમિતિના હોદેદાર સરપંચ, બી.એસ.ફ.ના જવાનો, પોલીસ જવાનો સહિત સ્પર્ધકો, અગ્રણીઓ અને વિશાળ સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# મજરા ભૈરવનાથ વિદ્યા મંદિરમાં હોબાળો

**વિદ્યાર્થીઓએ રેલી યોજી રોષ ઠાલવ્યો : સંચાલકો દ્વારા સ્ટાફ જોડે પૈસાની માંગણી કરાતા હોબાળો થયો**

પ્રાંતિજ, તા. ૧૧

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તાલુકાના મજરા ખાતે આવેલ ભૈરવનાથ વિદ્યામંદિરમા સંચાલકો કેટલાય દિવસથી ચાલતું હતું જેને લઈને શાળાનાં વિદ્યાર્થીઓના ભાવી અને ભણતર ઉપર અસર પડતાં શાળાનાં વિદ્યાર્થીઓ દ્વારા ગામમાં જાણવા મળ્યું ત્યારે એકબાજુ સંચાલકો દ્વારા શિક્ષકો ઉપર બળજબરી પૈસાની માંગ કરી પરેશાન કરવામાં આવતાં હોવાથી



અને શિક્ષકો વચ્ચે જાહેરમાં શબ્દોનું યુદ્ધ થતાં આખુંય ગામ શાળામાં દોડી આવ્યું શાળાની અંગત વાતો ગામમાં વહેતી થઈ હતી.

પ્રાંતિજના મજરા ખાતે આવેલ ભૈરવનાથ એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી ભૈરવનાથ વિધામંદિર શાળામાં છેલ્લાં કેટલાય દિવસથી શાળાનાં સંચાલકો અને સ્ટાફ વચ્ચે તુ... તુ.... મે....મે શબ્દોનું છેલ્લાં રેલી કાઢવામાં આવી હતી જેથી રેલી દ્વારા વાલીઓ ગ્રામજનોને ખબર પડતાં શાળામાં દોડી આવ્યાં હતાં અને સંચાલકો પણ શાળામાં દોડી આવ્યા અને શાળામાં શાળાનો સ્ટાફ અને સંચાલકો ગ્રામજનો વચ્ચે જાહેરમાં બોલાચાલી થતાં આંખો ભાંડો ફુટયો હતો અને સાચી વાત બહાર આવતાં ગ્રામજનો પણ શિક્ષકો સ્ટાફની જોડે હોય તેવું હાલ તો કેટલાક શિક્ષકો માનસિક રીતે પરેશાની ભોગવી રહ્યાં છે. ત્યારે બીજી બાજુ શાળાનાં વિધાર્થીઓના ભાવી ઉપર અસર પડે તો નવાઈ નહી ત્યારે હવે આ શાળામાં ડીઓ દ્વારા સાચી તપાસ થાય તો સાચી હકીકત બહાર આવે તો નવાઈ નહીં ત્યારે હવે જોવાનું એ રહ્યું કે શું ખરેખર સાચી તપાસ થશે કે કેમ એ તો હવે જોવાનું રહ્યું.

## મોડાસા મામલતદાર કચેરીનું ખાલી મકાન

# અરવલ્લી જિલ્લા પંચાયતને ફાળવવા મુખ્યમંત્રીને રજૂઆત

મોડાસા, તા. ૧૦

અરવલ્લી જિલ્લામાં નવુ જિલ્લા સેવાસદન બનીને કાર્યરત થયા પછી મોડાસામાં મામલતદાર કચેરીનું ખાલી પડેલ મકાન અરવલ્લી જિલ્લા પંચાયતને આપવા અને પ્રજાને વહીવટી કામકાજમાં પડતી મુશ્કેલીઓ નિવારવા માટે આજે આ અંગે રાજ્યના મુખ્યમંત્રીને રજૂઆત કરાઈ છે.

જિલ્લાના મુખ્ય મથક મોડાસામાં જિલ્લા પંચાયત કચેરીના જુદા જુદા ખાતાઓ હાલ જુદી જુદી જગ્યાએ કાર્યરત છે જેથી તાલુકા મથકેથી તથા આસપાસના વિસ્તારોમાંથી સરકારી કામકાજ માટે આવતા પ્રજાજનોને આમથી તેમ ભટકવુ પડે છે. જ્યારે નવુ જિલ્લા સેવાસદન બન્યા પછી હાલ ખાલી પડેલ મામલતદાર કચેરીનું મકાન જિલ્લા પંચાયતને આપવામાં આવે તો બધા જ ખાતાઓ એક જ જગ્યાએ કાર્યરત થાય જેથી પ્રજાને પણ સગવડતારૂપ બની રહે તે માટે આજે પૂર્વ ધારાસભ્ય અંબાલાલ ઉપાધ્યાયે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને આ અંગે રજૂઆત કરતો પત્ર પાઠવ્યો હતો.

# તલોદ નગરપાલિકા પ્રમુખ સામે અવિશ્વાસની દરખાસ્તનો વિરોધીઓનો દાવ ઉલટો પડ્યો

સાબરકાંઠા જિલ્લાના તલોદની નગરપાલિકા સમયાંતરે વિવાદોના ઘેરામાં આવી રહેતી હોય છે. તે વિવાદો નગરપાલિકાના જ ચૂંટાયેલા પ્રતિનિધિઓ એટલે કે કોર્પોરેટરોના જે તે વલણ થકી જ ઉદ્દ્ભવતા હોઈ તલોદ નગરપાલિકા વિવાદનું માધ્યમ બનતી હોય છે. આજે તલોદ નગરપાલિકાના ચૂંટાયેલા ભાજપના જ સાત સભ્યો સાથે કોંગ્રેસના પણ ચૂંટાયેલા ૭ સભ્યોએ નગરપાલિકાના વર્તમાન પ્રમુખ રંજનબહેન દામોદરદાસ પટેલ સામે અવિશ્વાસની દરખાસ્ત રજૂ કરીને રંજનબહેનને સત્તાથી દૂર જવાની ફરજ પડે તેવો પ્રયાસ કર્યો છે. પરંતુ કોંગ્રેસના ૭ કોર્પોરેટર પૈકીના ૧ કોર્પોરેટરે અવિશ્વાસની દરખાસ્તમાં કરેલ તેઓની સહી છે જ નહિ અને તે સહિ બીજા કોઈએ કરેલ છે તેવા પ્રકારનુંસોગંદનામુ રજૂ કરીને અવિશ્વાસમાં તેઓના નામની ગણના ગ્રાહ્ય નહિ રાખવા કાયદેસર જણાવી દેતા હાલ તો મહિલા પ્રમુખ રંજનબહેન પટેલની સત્તા અડગ રહેવા પામી છે. અને વિરોધીઓનો દાવ ઉલટો પડ્યો છે.

આજે તલોદ નગરપાલિકાના પ્રમુખ રંજનબહેન પટેલ સામે ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬ ૩ની કલમ ૩૬ મુજબની અવિશ્વાસની દરખાસ્ત મુકવાના ઈરાદાથી નોટિસ પાઠવવામાં આવી હતી. ન.પા.ના પ્રમુખ કાઉન્સીલરોને વિશ્વાસમાં લીધા વિના એકહથ્થુ વહિટ કરે છે. તેઓ પ્રમુખ તરીકેની વહિવટી ફરજો અને કાર્યો કરવામાં નિષ્ફળ ગયેલ છે અને ન.પા.નો વહિવટ પ્રમુખશ્રીના પતિશ્રી દ્વારા કરવામાં આવતો હોવા સંદર્ભના આરોપો સાથે આ અવિશ્વાસની દરખાસ્ત ન.પા.ના કાઉન્સીલર પ્રવિણભાઈ પટેલે રજૂ કરી હતી. જેમાં ભાજપના જ ૬ સભ્યોએ ટેકો જાહેર કરીને સહીઓ કરી સમતિ દર્શાવી હતી. તે જ રીતે કોંગ્રેસના ૭ કોર્પોરેટરોએ પણ તેમાં સહીઓ કરતા કુલ ૧૪ વિરોધી કોર્પોરેટરોનો આંક થવા પામ્યો હતો. પરંતુ સાંજે અવિશ્વાસની દરખાસ્તમાં જેઓની સહીઓ છે તે પૈકીના કોંગ્રેસના પંજાના નિશાન ઉપર કોર્પોરેટર (કાઉન્સીલર) તરીકે વિજયી થયેલા તલોદ ગામના શનાભાઈ રામાભાઈ પટેલનાઓએ દરખાસ્તમાં તેમના નામનો ઉલ્લેખ કરી કોઈએ સહી કરી દિધી હોવાનો દાવો કરીને પોતે સહી કરી જ નથી અને તેથી અવિશ્વાસની દરખાસ્તમાંથી તેઓનું નામ કેન્શલ કરવા સંમતિ આપતું કાયદેસરનું સોગંદનામુ કરીને ધરી દેતાં ન.પા.ના પ્રમુખ રંજનબહેન પટેલને સત્તાથી દૂર કરી દેવાના અહી ભાજપ-કોંગ્રેસ જૂથના પ્રયાસો નિષ્ફળ નિવડ્યા છે.

# હિમતનગરમાં પ્રોરેટા નાબુદ કરવા માટે વિદ્યાર્થીઓની વિશાળ રેલી યોજાઈ

**વાલીઓએ અધિક કલેકટરને આવેદનપત્ર આપ્યું : સરકાર પ્રોરેટા રદ કરી બોર્ડના વિદ્યાર્થીઓનું ભવિષ્ય જોખમમાં મૂકી રહી છે**

હિંમતનગર, તા. ૧૧

સાબરકાંઠા જીલ્લાના મુખ્ય મથક હિમતનગર ખાતે બુધવારે પ્રોરેટાના વિરોધમાં વિશાળ વાલીઓ અને વિદ્યાર્થીઓની રેલી નીકળી હતી જે શહેરના માર્ગો પર ફરી બહુમાળી ભવને પહોંચી હતી જ્યાં વાલીઓએ અધિક કલેકટરને પ્રોરેટા રદ કરવા સાથેનું આવેદનપત્ર આપ્યું હતું.

આ અંગેની વિગત એવી છે કે મેડીકલ, પેરા મેડીકલમાં પ્રોરેટા નાબૂદીના નિર્ણયને પગલે બોર્ડના ૭૫ હજારથી વધુ વિદ્યાર્થીઓમાં ચિંતાનું વાતાવરણ જોવા મળી રહ્યુ છે. અગાઉ ૮૫ ટકા સ્ટેટ કવોટા અને ૧૫ ટકા ઓલ ઈન્ડીયા કવોટાના માળખા મુજબ પ્રવેશ મળતો હતો. ૮૫ ટકામાં ગુજરાત અને અધર બોર્ડના વિદ્યાર્થીઓની સંખ્યાને આધારે રેશીયો નક્કી થતો હતો અને પ્રવેશ અપાતો હતો. ચાલુ વર્ષે નીટ ફરજીયાત થવાથી ગુજરાત અને અધર બોર્ડના વિદ્યાર્થીઓનું કોમન મેરીટ લીસ્ટ બનવાથી ગુજરાતના વિદ્યાર્થીઓને અન્યાય થશે. જેને પગલે વિદ્યાર્થી, વાલીઓમાં રોષ ભભૂકી રહ્યો છે. જેને લઈને બુધવારે શહેરના મહાવીરનગર ચાર રસ્તેથી વિદ્યાર્થીઓ સાથે વાલીઓની રેલી પ્રોરેટા નાબુદ કરવા સુત્રોચ્ચાર સાથેની રેલી નીકળી હતી જે શહેરના માર્ગો પર ફરીને બહુમાળી ભવન પહોંચી હતી.

જયાં અધિક કલેકટર વી.એલ.પટેલને આવેદનપત્ર વાલીઓએ આપ્યું હતું. આ અંગે તાલુકા વાલી મંડળના હિતેશ પટેલ, મુકુન્દ પટેલ અને રોહિત પટેલે જણાવ્યું હતું. વિદ્યાર્થીઓ જયારે ધો-૧૧માં પ્રવેશ કર્યો ત્યારે સરકારે નીટ જાહેર કરેલા જેમાં વિદ્યાર્થીઓએ પોતાના મેળવેલ ટકાવારી જતી કરી પરંતુ કે ગતિશીલ ગુજરાતમાં સરકારે પ્રોરેટા નાબુદ કરી ગુજરાત બોર્ડને બહાર મૂકી દઈ વિદ્યાર્થીઓના ભવિષ્યને જોખમમાં મૂકી દીધું છે. જેને લઈને સમગ્ર ગુજરાતના બોર્ડના વિધાર્થીઓનું હિત જોખમાયું છે. દેશમાં એક સરખો અભ્યાસક્રમ પુરેપુરો અમલ ના થાય ત્યાં સુધી પ્રોરેટા ચાલુ રાખવું જોઈએ. આ અંગે વિદ્યાર્થીની ખુશવી પટેલે જણાવેલ કે જીએસઈબી અને સીબીએસઈના અભ્યાસક્રમમાં ૪૦ થી ૫૦ ટકા એટલે કે બહુજ તફાવત છે.

જયારે એ લોકો બે વર્ષથી તૈયારી કરી રહ્યા નીટ માટે અને અમને ૧૦ મહિના પહેલા આ અભ્યાસક્રમમાં જોડીને અમને અન્યાય કર્યો છે. એટેલ આ એવી વાત થઈ કે અમે અધકચરા જ્ઞાન વાળા છે અને એ લોકો બે વર્ષથી પૂરે પૂરી તૈયારી કરી રહ્યા છે. અમને આ રીતે એક સ્પર્ધામાં ઉતારી દીધા છે જેને લઈને અમારૂ ભવિષ્ય જોખમમાં મૂકી દીધું છે. એટલે અમે કહીએ છીએ અમને ન્યાય આપો અમને પ્રોરેટા પાછો આપોની વાત કરી હતી. આમ આ પ્રોરેટાને રદ કરવા સરકાર સામે અગામી દિવસમાં રાજ્યવ્યાપી આંદોલન થશે અને ગાંધીનગર ખાતે રાજ્યભરના વિધાર્થીઓ અને વાલીઓ રેલી યોજશે અને આવેદન પત્ર પણ આપશે.